# ક્રિમિનલ કેસ નંબર–૬૦૨૯૨૯/૧૨

## આંક–૧ નીચે હુકમ

સદર કામે ફરીયાદીએ આરોપી સામે લઘુત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ હાલની ફરીયાદ કરેલી છે અને આ કામે આરોપી સામે સમન્સ કાઢવાનો હુકમ થયેલો છે,પરંતુ ના.સર્વોચ્ચ અદાલતે આર.આર.ચારી વિરુધ્ધ સ્ટેટ ઓફ યુ.પી.તથા મકસુદ સૈયદ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, તુલારામ વિરૂધ્ધ કિશોરસીંગના કેસમાં જે સ્થાપીત કરેલ સિધ્ધાંતો છે, તે મુજબ માત્ર પ્રોસેસ કાઢવાનો હુકમ થયો હોય તો તેને મેજીસ્ટ્રેટ કોગ્નિઝન્સ લીધું છે તેવું કહી શકાય નહીં અને મેજીસ્ટ્રેટે કોગ્નિઝન્સ લીધું છે, તેવું ત્યારે જ કહી શકાય કે જયારે મેજીસ્ટ્રેટે જયુડિશયલ માઈન્ડ એપ્લાય કર્યુ હોય.

આ કામે આરોપી સામે લઘુત્તમ વેતન અધિનિયમ–૧૯૪૮ હેઠળ ફરીયાદ કરેલી છે અને તે કાયદાની કલમ–૨૨ જોતાં જયાં સુધી કલમ–૨૨ માં જણાવેલ સત્તાઓ પાસેથી દાખલ કરવાની મંજુરી મેળવેલ ન હોય ત્યાં સુધી આ કાયદાના ગુનાઓ અંગે કોઈ કોર્ટ કોગ્નિઝન્સ લઈ શકે નહી. હાલના કેસમાં આવી કોઈ ફરીયાદ દાખલ કરવાની મંજુરી મેળવેલ હોય તેવો હુકમ રજુ થયેલો નથી, અને આ બાબતે અત્રેની કોર્ટથી ફરીયાદીને જા.નં.૭૦૭/૧૭ થી પત્ર લખેલ છે અને ફરીયાદીએ તે પત્રનો જવાબ રજુ કરેલ છે જે જવાબ અત્રેની કોર્ટમાં આવક નંબર ૬૦/૨૦૧૭, તા.૧૫–૧૧–૨૦૧૭ થી રજુ થયેલો છે અને ફરીયાદીનો તે પત્ર જોતાં તેમાં ફરીયાદીએ કોઈપણ જગ્યાએ આ કામે તેઓને કલમ–૨૨ હેઠળની મંજુરી મેળવેલ હોય તેવું જણાવેલ નથી અને અગાઉના અધિકારીઓ જે રીતે ફરીયાદ દાખલ કરતાં હતાં તે જ રીતે તેઓએ ફરીયાદ દાખલ કરેલી છે, તેવું ફરીયાદી જણાવે છે. આ કામે ફરીયાદીના અનુગામી તરીકે શ્રી કે.એમ. રાઠવા નાઓએ આવક નંબર ૭૨/૨૦૧૭ થી એક પત્ર રજુ કરેલ છે, તે જોતાં ફરીયાદી હવે નિવૃત્ત થઈ ગયેલ હોય અને તેઓની જગ્યાએ હાલ શ્રી કે.એમ.રાઠવા ફરજ બજાવતાં હોવાનું જણાવે છે અને આ ખુલાસા જોતાં સરકાર વતી ઈન્સ્પેકટરો ફરીયાદ દાખલ કરતાં હોય છે તેવો ખુલાસો કરેલ છે પરંતુ, કલમ–૨૨ મુજબની પરવાનગી રજુ કરેલી છે, તેવો કોઈ ખુલાસો નથી.

આ કામે સજાની જોગવાઈઓ જોઈએ તો, મહત્તમ છ માસ સુધીની જોગવાઈ છે અને સી.આર. પી. સી.કલમ–૪૬૮ જોઈએ તો, જે ગુનામાં માત્ર દંડની સજાની જોગવાઈ હોય તે ગુનામાં છ માસ વિતી ગયા પછી કોગ્નિઝન્સ લઈ શકાય નહી અને જે ગુનામાં એક વર્ષ સુધીની જોગવાઈ હોય તેવા ગુનામાં એક વર્ષ વિતી ગયા બાદ કોઈ કોર્ટ કોગ્નિઝન્સ લઈ શકે નહીં અને તે રીતે પણ હવે આ ફરીયાદ સંદર્ભે કોઈ કોગ્નિઝન્સ લઈ શકાય તેમ નથી.

આ કામે ફરીયાદી વર્ષોથી હાજર નથી, કે આરોપી સામે પ્રોસેસો બજાવવા માટે રી–ઈસ્યુ કરાવવા માટે કોઈ પગલાં લીધેલ નથી અને અગાઉ ચર્ચા કરી તે મુજબ આ કામે લઘુત્તમ વેતન અધિનિયમ કલમ–૨૨ મુજબનો ફરીયાદ દાખલ કરવાનો કોઈ પરવાનગી હુકમ લીધેલો જ નથી, તેથી આખી ટ્રાયલ ચલાવ્યા પછી પણ આરોપીને સજા કરી શકાય તેમ નથી, તે તમામ સંજોગોમાં હવે આ ફરીયાદ ચાલુ રાખવી ન્યાયોચીત જણાતી નથી, તેથી સી.આર.પી.સી. ૨૫૬ ની જોગવાઈ ધ્યાને લઈ આ ફરીયાદી કાઢી નાખવાનો હુકમ ફરમાવું છું.

મુકામ :– અમદાવાદ.
તા.૯–૧–૨૦૧૮.

(એ.એ.વાયડા)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર–૬,અમદાવાદ.
જીજે ૦૦૯૮૬